# ઈસરી પંથકના બુટલેગરને પાસા હેઠળ જેલ : વિદેશી દારૂ,મારામારી સહિતના કેસમાં પાસાની દરખાસ્ત

બાયડ,(બ્યુરો ઓફીસ) તા. ૨૫

મેધરજ તાલુકાના ઈસરી પંથકમાં વિદેશી દારૂની હેરાફેરી,છેડતી અને મારામારી સહિતના કેસમાં સંડોવાયેલ બુટલેગર અરવિંદ છગન ભાઈ કટારા ( રહે. વૈડી,તા. મેધરજ) સામે પાસાની દરખાસ્ત મંજૂર કરી વડોદરા જેલમાં ધકેલવામાં આવ્યો છે.જિલ્લામાં એક પછી એક અસામાજિક તત્વો અને બૂટલેગરો સામે પાસાની દરખાસ્તો થતાં વોન્ટેડ આરોપીઓમાં ફફડાટ વ્યાપ્યો છે.



જિલ્લામાં વિદેશી દારૂની રેલમ છેલ તેમજ બૂટલેગરો ફાટીને ધુમાડે જતાં પોલીસની ધાક સામે સવાલ ઉભા થયા હતા પરંતુ હવે આરોપીઓ સામે ગુજકોક સહિતના ગુના નોંધી પોલીસે પાવર બતાવ્યો છે તેનાથી ગુનેગારોમાં ધાક બેઠી છે.છેલ્લા કેટલાક સમય થી ફરાર બૂટલેગરો અને તેમની સામે નોંધાયેલ કેસ ને ધ્યાનમાં રાખી પોલીસ દ્વારા ધરપકડ અને પાસાની દરખાસ્તોમાં ગતી આવી છે જેમાં મેધરજ તાલુકાના વૈડી ગામનો અરવિંદ કટારા સામે ઈસરી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબેશન,મારામારી અને છેડતી સહિતના ગુના દાખલ થયા હોવાથી અરવલ્લી એલ.સી.બી.પી.આઈ.સી.પી. વાઘેલા અને ટીમે નામચીન બુટલેગર ને દબોચી લીધો હતો.આરોપી સામે નોંધાયેલ ગુના સંદર્ભે જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ પાસાની થયેલ દરખાસ્ત મંજૂર કરવામાં આવતાં પોલીસ દ્વારા તેને વડોદરા મધ્યસ્થ જેલમાં મોકલી આપવામાં આવ્યો છે.

# મોડાસા બી.બી.એ. કૉલેજમાં પ્રવેશોત્સવ અને સ્ટૉક માર્કેટ અંગે સેમિનાર સંપન્ન







મોડાસા, તા. ૨૫


ધી મ. લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત શ્રી બી. એચ. ગાંધી બી.બી.એ. કોલેજ, મોડાસામાં ૨૫મીએ **B.B.A Sem-I** માં પ્રવેશ મેળવનાર વિધાર્થીઓને આવકારવા Know Your College (KYC) અંતર્ગત કોલેજ પ્રમુખ નવિનચંદ્ર આર. મોદી, માનદ્ મંત્રી રમેશભાઈ પી. શાહ તથા મુખ્ય મહેમાન તરીકે અશ્વમેધ વેન્ચરસ પ્રા. લિ.ના C.E.O. અને કો ફાઉન્ડર રશેષભાઈ એચ. ઉપાધ્યાય ખાસ ઉપસ્થિત રહયા હતા. B.B.A. Sem-I માં પ્રવેશ મેળવનાર દરેક વિધાર્થીઓને કોલેજ પરીવાર દ્વારા આવકારવામાં આવ્યા હતા. કોલેજ અને સરકાર દ્વારા ચાલતી વિવિધ પ્રવૃતિઓ અંગે ડૉ. તુષારભાઈ ભાવસારએ વિધાર્થીઓને માહિતગાર કર્યા હતા. વિધાર્થીઓને કોલેજમાં ચાલતી વિવિધ પ્રવૃતિઓ જેવી કે ઓસા, ગ્રંથાલય, ઈન્ટરસ્ટ્રઝ કલબ., ઈકો કલબ, સ્પોર્ટસ વગેરે અંગે સંબંધીત વિભાગના ઈનચાર્જ અધ્યાપકોએ માહિતી આપી હતી.

સ્ટોક માર્કેટને લઈને અભિરૂચી કેળવાય તેમજ ભવિષ્યમાં માર્કેટમાં રોકાણ કરીને કઈ રીતે આવક ઉભી કરી શકાય તે બાબતને લઈ ઓવરવ્યુ ઓફ સ્ટોક માર્કેટ વિષય પર સેમીનાર યોજાયો જેમાં અશ્વમેધ વેન્ચરસ પ્રા. લિ.ના **C.E.O.** અને કો–ફાઉન્ડર રશેષભાઈ ઉપાધ્યાયએ કારકિર્દીને સફળ બનાવવામાં કેપીટલ માર્કેટમાં રહેલી ઉજવળ તકો વિશે સચોટ માર્ગદર્શન અને માહીતી આપવામાં આવી જેમાં મોટી સંખ્યામાં વિદ્યાથીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન માટે ટીચીંગ સ્ટાફ, નોન-ટીચીંગ સ્ટાફને કાયક્રમને સફળ બનાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતાં.

## જન્મદિને વધામણી



વિનોદભાઈ દરજી
મુ.પો. ડેમાઈ, બાયડ



હરનિશ ભુપેન્દ્રભાઈ પુરોહિત
બાયડ જી.અરવલ્લી

# પુરવઠા તંત્રના સર્વરને ઠપ્પ થવાની કાયમી બીમારી

## જિલ્લામાં કાર્ડધારકો - દુકાનદારો વચ્ચે ગજગ્રાહ વધારતું સર્વર

બાયડ,( બ્યુરો ઓફીસ) તા.૨૫

રાજ્યના પુરવઠા તંત્રના સર્વરને ઠપ્પ થવાની કાયમી બીમારી લાગી છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વારંવાર સર્વરમાં ખામી સર્જાતાં કાર્ડધારકો અને સસ્તા અનાજના દુકાનદારો વચ્ચે ગજગ્રાહ વધી શકે છે.જિલ્લામાં ચાર દિવસથી સર્વર ખોટકાઈ ને ચાલતું હોવાથી ૪.૭૫ લાખ કાર્ડધારકો હાલાકી અનુભવી રહ્યા છે.

સરકાર દ્વારા રેશનકાર્ડ ધારકોની સંખ્યા મુજબ નિયત સમયે સસ્તા દરનો પુરવઠો માન્યતા પ્રાપ્ત દુકાનોમાં મોકલવામાં આવે છે પણ ખરા સમયે પુરવઠાનું સર્વર લકવાગ્રસ્ત બની જતું હોય છે.અગાઉ સાતમ આઠમ ના તહેવારોમાં સર્વર ઠપ્પ થતાં કાર્ડધારકો દેકારો મચી ગયો હતો ત્યાં હવે ફરી સ્થિતિ બગડી છે. કાર્ડધારકો જથ્થા માટે દુકાનોમાં લાઈનો લગાવી રહ્યા છે પણ ઓનલાઈન વિતરણ વ્યવસ્થામાં સર્વર ચાલતું ન હોવાથી દુકાનદારો અને કાર્ડધારકો વચ્ચે ગજગ્રાહ ની સ્થિતિ પેદા થઈ છે. સર્વર માં કાયમી ધાંધિયા ની બીમારી ઘર કરી ગઈ હોવાથી ખુદ દુકાનદારો વિતરણ વ્યવસ્થા કેમ જાળવવી તેને લઈ પરેશાન બન્યા છે.છેલ્લા ચાર દિવસથી આ સ્થિતિમાં કોઈ સુધારો આવ્યો ન હોવાથી રેશનિંગ ના જથ્થા માટે કાર્ડધારકો ને દુકાનોના ધરમધકકા થઈ રહ્યા છે.સાબરકાંઠા ની ૫૧૮ અને અરવલ્લીની ૩૯૬ દુકાનોમાં સર્વરને લીધે દુકાનદારો અને કાર્ડધારકો વચ્ચે ઘર્ષણ જેવી હાલત ઉભી થઈ છે.

# અરવલ્લીમાં અડદના પાકમાં પાન પીળાં પડવા લાગ્યાં

## વહેલું વાવેતર કરનાર ખેડૂતોની ચિંતા વધી

બાયડ( બ્યુરો ઓફિસ) તા.૨૫

અરવલ્લી જિલ્લામાં ભાદરવા માસના વરસાદ થી ખરીફ ખેતીને ફાયદો થઈ રહ્યો છે પણ કઠોળ પાક ગણાતા અડદના પાકમાં પાન પીળાં પડવા લાગ્યા છે જેથી વાવેતર બાદ ખેડૂતોને ઉત્પાદન થી હાથ ધોઈ નાખવા પડે તેવી સ્થિતિ જોવા મળે છે.

ખેતી માટે હમણાં સુધી સંજીવની રૂપ મનાતો વરસાદ હવે નુકસાન રૂપ બનવાની સંભાવના છે.સતત વરસાદી અને વાદળછાયા વાતાવરણ ના કારણે ખેતી નો વિકાસ રૂંધાઈ શકે છે તેમાંય કેટલાક ખેડૂતોએ આ વર્ષે અડદના પાક નું વહેલું વાવેતર કર્યું હતું તે ખેડૂતો માટે વધુ વરસાદ ચિંતાનો વિષય બન્યો છે.અગાઉ વરસાદ ખેંચાતા ખેડૂતો નું બીનપિયત વાવેતર નિષ્ફળ જાય તેમ જણાતા ખેતરમાં થી વાવેતર ઉખાડી કેટલાક ખેડૂતોએ અડદ નું વાવેતર કરી નુકસાન થી બચવાનો પ્રયાસ કર્યો પરંતુ હમણાંથી સતત વરસાદી માહોલ ના કારણે પાન પીળાં પડવા લાગ્યા છે જેના કારણે પાક ઉપજ ને ફટકો પડવાની ચિંતા ખેડૂતોમાં વ્યાપી છે.જિલ્લા ના અનેક ખેતરોમાં અડદના લીલાછમ ખેતરો હવે પીળાં બનવા લાગ્યા છે.અડદ બાદ સોયાબીન ની વાવણી કરનારા ખેડૂતો માટે હવે નો વરસાદ વધુ નુકસાની લાવી શકે તેવું ચિત્ર ઉપસ્યું છે.

## જમ્મુથી દાંડી સુધી ૧૦૦ સરહદી રક્ષકોની સાયકલ રેલી

# મહેસાણા ખાતે પહોંચેલી યાત્રાને સાંસદ શારદાબેન પટેલ દ્વારા ફલેગ ઓફ

## ૧૫ ઓગષ્ટથી શરૂ કરેલ યાત્રા ૦૨ ઓક્ટોબર દાંડી ખાતે પુર્ણ થશે

મહેસાણા, તા. ૨૫

દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી- આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ફીટ ઈન્ડીયા મુવમેન્ટને વેગ આપવા બી.એસ.એફ. જવાનો દ્વારા દેશભરમાં સાયકલ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જમ્મુ-કાશ્મીર સીમા ચોકી ઓક્ટ્રોયથી ૫૬ બટાલીયન બી.એસ.એફ ૫૦ જવાનો સહિત ૧૦૦ જવાનો દ્વારા તા.૧૫ ઓગષ્ટ-૨૦૨૧થી સાયકલ યાત્રા શરૂ કરેલ છે. આ સાયકલ યાત્રા દેશભરના વિવિધ સ્થળોએ થઈને ગુજરાતના દાંડી ખાતે પહોંચનાર છે.આ સાયકલ યાત્રાનું તા. ૨૫ ઓગષ્ટ-૨૦૨૧ના રોજ ગુજરાતના મહેસાણા જિલ્લામાં પ્રવેશ થતાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

દેશના ૭૫ માં સ્વતંત્રતા દિવસ પર, આંતરરાષ્ટ્રીય સરહદની સુરક્ષા સુનિશ્ચિત કરનારા જવાનોની ભાવના અને ઉત્સાહ વધારવા સાંસદશ્રી શારદાબેન પટેલે ૧૯૯૩ કિમીની મુસાફરી કરી રહેલા સરહદ રક્ષકોને પણ શુભેચ્છા પાઠવી સવારે ૦૭-૦૦ કલાકે ફેલ્ગ ઓફ કરાવી સાયકલીસ્ટોનો જુસ્સો વધાર્યો હતો.

સંસદ સભ્ય શ્રીમતી શારાદાબેન પટેલે જણાવ્યું હતું કે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આયોજીત આ પોતાનું લક્ષ્ય હાંસલ કરવા માટે દરરોજ લગભગ ૪૦ કિલોમીટરની મુસાફરી કરી રહ્યા છે દેશ ભાવના સાથે શરૂ થયેલ આ યાત્રાથી દેશવાસીઓમાં સ્વચ્છ સ્વતંત્રતા દિવસની ઉજવણી માટે ફિટ ઈન્ડિયા મુવમેન્ટ અંતર્ગત આયોજિત આ કાર્યક્રમ દરમિયાન, સરહદ રક્ષકો રસ્તામાં યુવાનોમાં





સાયકલોથન રેલીમાં, સરહદ રક્ષક ૦૨ ઓક્ટોબરે ગુજરાતના દાંડી પહોંચવા માટે દેશના વિવિધ ભાગોમાંથી ૧૯૯૩ કિલોમીટરનો પ્રવાસ કરી દાંડી પહોંચનાર છે.. આ અભિયાનમાં સામેલ બોર્ડર સિક્યુરિટી ફોર્સના દોડવીરોએ દેશભક્તિની ભાવનાને મજબૂત કરી રહ્યા છે. આ સાથે, સ્વચ્છ ભારત, એક ભારત શ્રેષ્ઠ ભારત, આયુષ્માન ભારત જેવી કેન્દ્રીય પ્રાયોજિત યોજનાઓ વિશે પણ લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે ભારત, શ્રેષ્ઠ ભારતની પ્રતિબધ્ધતા મજબૂત થશે

આ રેલીને ફલેગ ઓફ કરવા કાર્યક્રમમાં સાંસદ શ્રીમતી શારદાબેન પટેલ અગ્રણી મંયક નાયક હાજર રહ્યા હતા. દેશના ૭૫ માં

## રક્તદાન મહાદાન

# કોરોના મહામારીમાં ઉત્કૃષ્ટ સેવા કરનાર ગોપાલ સેનાનું બહુમાન કરાયુ

**સંસ્થાના સ્થાપક નરસિંહભાઇ દેસાઇને સન્માન પત્ર આપી બિરદાવ્યા**

ડીસા, તા. ૨૫

કોરોના ની મહામારી દરમ્યાન ગોપાલ રબારી સેવા સંગઠન (ગોપાલ સેના) બનાસકાંઠા ડીસા દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ નિસ્વાર્થ સેવા સંગઠન દ્વારા સન્માનપત્ર આપી



સન્માન કરવામાં આવ્યું હતું.

કોરોનાની બીજી લહેર દરમ્યાન અનેક લોકો એ ઓક્સિજન, ઈન્જેકશન તેમજ સમયસર સારવાર ન મળવાના અભાવે અનેક લોકોએ પોતાના વ્હાલસોયા સ્વજનો ગુમાવ્યાં છે ત્યારે ડીસા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોરોના ની બીજી લહેર દરમિયાન ગોપાલ રબારી સેવા સંગઠન (ગોપાલ સેના) બનાસકાંઠા-ડીસાના સ્થાપક અધ્યક્ષ નરસિંહભાઈ દેસાઈ (બાઈવાડા) ના માર્ગદર્શન હેઠળ ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવી હતી. આથી નિસ્વાર્થ સેવા સંગઠન પાલનપુર ના પ્રમુખ નીતિનભાઈ ઠાકોર દ્વારા પાલનપુર કાનુભાઈ મહેતા હોલ મુકામે કોરોના વોરિયર્સ સન્માન સમારોહ કલેકટર આનંદ પટેલ ના અધ્યક્ષ સ્થાને અને સંતશ્રી દોલતરામજી મહારાજ, જીલ્લા ભાજપ પ્રભારી નંદાજી ઠાકોર, ડીવાયએસપી આર.કે.પટેલ ની વિશેષ ઉપસ્થિતિમાં સામાજીક અને સેવાકીય પ્રવૃતિઓ સાથે જોડાયેલા વિવિધ સામાજીક સંગઠનો ના હોદેદારોનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં ગોપાલ સેના ના સ્થાપક પ્રમુખ નરસિંહભાઈ દેસાઈ (બાઈવાડા) નું સન્માન પત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

## શેરી ગરબાને મંજૂરી મળતાં ખેલૈયા હરખાયા

# સાબરકાંઠા-અરવલ્લીમાં નવરાત્રી યુવક મંડળોમાં આયોજનની ખુશી

## ગત વર્ષ કોરોનાના કારણે નવરાત્રી મુલત્વી રહી હતી

બાયડ( બ્યુરો ઓફિસ) તા.૨૫

રાજય સરકાર અને ગૃહવિભાગ દ્વારા પરંપરાગત શેરી ગરબા સાથે નવરાત્રી -



ગરબાની છૂટ અપાતા છેલ્લાં ૨ વર્ષથી નવરાત્રી આયોજનની રાહ જોતા ખેલૈયા અને આયોજક મંડળમાં ખુશી દેખાઈ છે. અનેક વિસ્તારોમાં નવરાત્રીના આયોજનને લઈને સ્થાનિક સોસાયટીઓ દ્વારા બેઠક બોલાવી હોવાનું જાણવા મળે છે.

નવરાત્રી શબ્દ કાન ઉપર સંભળાય એટલે ખૈલેયા જુમવા લાગે છે. કોરોના સંક્રમણ બેકાબુ બનતાં ગત વર્ષે નવરાત્રી આયોજનો મુલત્વી રહ્યા હતા. પરંતુ આ વર્ષે કેટલીક છૂટછાટ સાથે નવરાત્રી આયોજનની મંજૂરી મળશે તેવી સંભાવનાથી ખેલૈયાઓ નવરાત્રી આયોજનની તૈયારી કરી ખરીદી શરૂ કરતાં બજારોમાં પણ ચણીયા ચોળી, કુર્તી, સહિતનો નવો માલ છલવાયો હતો. ગતરોજ સરકાર દ્વારા ૪૦૦ લોકોની ઉપસ્થિતિમાં નવરાત્રી મહોત્સવ માત્ર શેરી-ફળીયા-સોસાયટી વિસ્તારમાં યોજાવાની મંજૂરી આપતાં અરવલ્લી - સાબરકાંઠા જિલ્લામાં નવરાત્રીનું આયોજન કરતી સોસાયટી -યુવામંડળોમાં ઉત્સાહ સાથે સરકારની ગાઈડલાઈન મુજબ નવરાત્રી યોજવાની તૈયારીઓ આજથી શરૂ કરશે. અનેક ખૈલૈયાઓએ પણ સારા નવરાત્રીના આયોજન માટે આર્થિક મદદની તૈયારી દર્શાવી છે.

# ડીસામાં પંડીત દીનદયાળજી જન્મ જયંતિની ઉજવણી

ડીસા, તા. ૨૫

૨૫ સપ્ટેમ્બરે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મજયંતિ નિમિતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રાજ્યસભાના સાંસદ દિનેશભાઈ અનાવાડીયા, ડીસાના પ્રજાવાત્સલ્ય ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા તેમજ જિલ્લાના ઉપાધ્યક્ષ રીટાબેન પટેલ તેમજ શહેર પ્રભારી દક્ષાબેન સોલંકી



તેમજ નગરપાલિકાના ઉપપ્રમુખ સવિતાબેન હરીયાણી તેમજ ડીસા શહેર પ્રમુખ પ્રતીકભાઈ પઢીયાર, મહામંત્રી હકમાજી જોષી, રાકેશભાઈ પટેલ તેમજ વિવિધ મોરચાના હોદેદારો તેમજ નગરપાલિકાના સદસ્ય તેમજ સૌ પાર્ટીના કાર્યકર્તાઓ આ કાર્યક્રમ માં હાજર રહીને પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીએ એમના જીવનમાં કરેલા કામોને યાદ કરીને પાર્ટીને બહુ મજબૂત કરવા ધારાસભ્યએ આહવાન કરેલ.તેમ મીડિયા સેલના કાંતિભાઈ લોધાએ જણાવ્યું હતું.

## નોકરી છૂટ્યા પછી ગુરુની બુદ્ધિને ગ્રહણ

# જિલ્લામાં નશામાં ધૂત ગુરુને જેલની હવા ખાવાનો વારો

## પીવાનું ભલે રાખો પરંતુ સંયમ રાખો, પોલીસની સલાહ...!!

બાયડ, તા.૨૫

જિલ્લાના નોકરી છૂટ્યા પછી ગુરુની બુદ્ધિને ગ્રહણ લાગ્યાની ચકચારી ઘટના સામે આવી છે. વાત જાણે એમ છે કે પૈસાના બંડલ હાથમાં આવતા મતી ભ્રમ થઈ અને દારૂના રવાડે ચઢ્યા પછી નશામાં ધૂત થઈ ગુરુએ બિભત્સ ગાળો કાઢતાં જેલની હવા ખાવાનો વારો આવ્યો...!! પોલીસને પૈસાદાર ગુરુ પ્રત્યે લાગણી થતાં કહ્યું કે પીવાનું ભલે રાખો પરંતુ બોલવાનો સંયમ રાખવો...!! ગાંધીજીના ગુજરાતમાં દારૂડીયાની કદર કરનાર ખાખી વર્દીને સો સો સલામ.



પ્રાપ્ત જાણકારી અનુસાર કેટલાક શ્રમજીવીઓનું રાત્રીનું પાણુ બનેલ દારૂ હવે મધ્યમ - અમીરના ઘર સુધી પહોંચ્યા છે. કેટલાક તો સવારે ચા પછી પીવે દારૂના ઘૂટડા ભરે પછી જ કરંટ આવે છે. આ બધામાં જો કોઈ ગુરુજી દારૂ પીવે તો તેમની આબરૂ ધૂળધાણી કરવાનું કોઈ ભૂલતા નથી. તાજેતરમાં નોકરી છૂટ્યા પછી કહેવાય છે કે ગુરુ નવરા થયા... સોબતની અસર થઈ અને અંગ્રેજી અને તે ના મળે તો દેશી દારૂના ઘૂટતા પીવાની શરૂઆત કરી... પછી તો કાયમી વ્યસન થઈ ગયું... દારૂ ન મળે તો ઘરમાં ઝઘડા કરે...!! વાણી - વર્તન - વ્યવહાર બદલાઈ ગયા... ગામમાં ગુરુજી દારૂના રવાડે ચઢ્યાની વાતો ચર્ચાવા લાગી. અને હટ વટાવતાં દારૂ ઢીંચી કાનમાંથી કીડા ખરી પડે તેવી હલકી ભાષાની ગાળોનો વરસાદ વરસાવતાની શરૂઆત કરી.... દારૂડીયા ભાઈબંધોએ એકબીજાને વારાફરતી દારૂ પીવડાવવાના વચન આપ્યા.... દારૂડીયો મિત્ર વચન ભંગ થયો.... ગુરુજીએ ગુરુની ગરીમા કોરાણે મુકી અને ગાળોનો વરસાદ વરસાવ્યો મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો... આ ભાઈ ગુરુજી છે ગાળો બોલે જ નહીં તેવો ખાખી વર્દીએ પક્ષ લીધો... આધુનિક ટેકનોલોજીમાં કેદ કરેલ ગાળો ખાળી વર્દીનો સંભળાવી.... તે પણ અવાચક બન્યા છેવટે ગુરુજીને જેલના સળીયા પાછળ મુકવામાં આવ્યા.... ઘરે આવ્યાના બીજા દિવસથી ગાળો બોલવાનું તો બંધ કર્યું પણ દારૂની લડ છૂટી નથી.